# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૧૯-૧૧-૨૦૨૪ મંગળવાર          સમય : સાંજે ૬:25 કલાકે**

---

## વિશ્વ શૌચાલય દિવસ અંગે બેઠક:

જીલ્લા કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને ડીસ્ટ્રીકટ વોટર અને સેનીટેશન મિશનની સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં વિશ્વ શૌચાલય દિવસ નિમિત્તે "આપણું શૌચાલય : આપણું સન્માન" અભિયાન અંતર્ગત આગામી ૧૦ ડીસેમ્બર સુધી થનારા વિવિધ કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓના આયોજન અંગે ચર્ચા કરાઇ હતી.

કેન્દ્ર સરકારના જલ શક્તિ મંત્રાલય દ્વારા તારીખ આજે "વિશ્વ શૌચાલય દિવસ" નિમિત્તે સ્વચ્છતા અંગે જનજાગૃતિ વધારવા માટે જાહેર કરેલી વિવિધ માર્ગદર્શિકાઓના સુચારૂ અમલીકરણ માટે સૂચનો જાહેર કરાયા છે ,ત્યારે તે અંતર્ગત આજે "વિશ્વ શૌચાલય દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણી નિમિત્તે આગામી તા. ૧૦ ડીસેમ્બર સુધી જિલ્લામાં વિશેષ ઝુંબેશ અંતર્ગત ગ્રામ્ય સ્તરે તથા બસ સ્ટેન્ડ ,બજાર વિસ્તાર ,ધાર્મિક અને પ્રવાસન સ્થળો, શાળા, આંગણવાડી, અને આરોગ્ય કેન્દ્ર ખાતે બંધ હાલતમાં હોય તેવા સામૂહિક શૌચાલયની ઓળખ કરી અને તેને ફરી કાર્યરત કરવામાં આવશે. પાણી ,દરવાજાનું સમારકાર, વીજળી વગેરે સુવિધાઓ પુરી પાડવામાં આવશે. વિવિધ સંસ્થાઓમાં શૌચાલયની જરૂરિયાત માટે સર્વે કરી CSR અથવા ઉપલબ્ધ અન્ય ભંડોળના ઉપયોગથી સંસ્થાઓમાં પણ શૌચાલય બનાવવાનું આયોજન હાથ ધરાશે.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## જીલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક:

જીલ્લા કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને આજે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક મળી હતી. જેમાં વાસ્મો તથા પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા રજૂ કરાયેલી યોજનાઓને બહાલી આપવા ઉપરાંત જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની અગાઉ મંજૂર થયેલી યોજનાઓ પૈકીની યોજનાને સુધારા મંજૂરી ,તથા ગ્રામ્ય કક્ષાની આંતરિક પાણી પુરવઠા યોજનાની મરામ્મત અને નિભાવણી પ્રાઇમરી એગ્રીકલ્ચર ક્રેડીટ સોસાયટી તથા સખી

મંડળ મારફત કરાવીને મોડેલ ગામ ઉભુ કરવાના પાઇલોટ પ્રોજેક્ટની ચર્ચા કરવામાં આવી હતી.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## પશુધન વીમા સહાય યોજના:

રાજ્યના પશુપાલકોના હિતને ધ્યાનમાં લઈ રાજ્ય પશુધન વીમા સહાય યોજના અમલમાં મુકાઈ છે. પશુમૃત્યુના સંજોગોમાં પશુપાલકોને થતા આર્થિક નુકસાન સામે રક્ષણ પૂરું પાડવાના આશયથી રાજ્ય સરકારે આ યોજના અમલમાં મૂકી છે. પશુધન વીમા યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક પશુપાલકો ઓનલાઈન અરજી કરી શકે તે માટે તા. 14 નવેમ્બરથી આગામી એક મહિના સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ અંગે વધુ વિગતો આપતા પશુપાલન અધિકારી ડો. રાજેશ પટેલે આ પ્રમાણે જણાવ્યું હતું. (બાઇટ : રાજેશ પટેલ)

- (પરેશ મારૂ)

---

## રવિપાકનું જીલ્લામાં વાવેતર:

રવિપાકનું કચ્છમાં વાવેતર શરૂ થઇ ગયુ છે. અહેવાલ પ્રમાણે ગત ગુરૂવાર સુધી 19 હજાર 897 હેકટરમાં વાવણી શરૂ થઇ ગઇ છે . અને આ વાવણી હજુ વ ધશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

રાપરમાં 7 હજાર 232 હેક્ટર વિસ્તારમાં, ભુજ તાલુકામાં 3 હજાર 900, અબડાસા તાલુકામા 2 હજાર 400, અંજારમાં 1 હજાર 625, માંડવીમાં 1 હજાર 665, નખત્રાણામાં 1 હજાર 510, ભચાઉમાં 1 હજાર 360, લખપતમાં 150, ગાંધીધામ તાલુકામાં 55 હેકટરમા વાવણી થઇ છે. જેમાં સૌથી વધુ 8337 હેકટરમાં રાઇનું વાવેતર કરાયું છે , જ્યારે સૌથી ઓછું શેરડી અને ધાણા 15-15 હેકટરમાં વાવવામાં આવ્યા છે.

- (પરેશ મારૂ)

---

## દેશના પ્રથમ મહિલા સુકાનીને અંજલી:

દેશના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીની આજે ૧૦૭મી જન્મજયંતિ છે. તેમણે બે તબક્કે બે વખત દેશનું સુકાન સંભાળ્યું હતું જે દરમ્યાન અનેક મહત્વના નિર્ણયો લીધા હતા. આજે તેમની જન્મજયંતી નિમિતે અંજલિ આપતા કાર્યક્રમો યોજાયા હતા.

- (કલ્પના શાહ)

---

## લીલી પરિક્રમા-એસટી વિભાગ:

નવા વર્ષના પ્રારંભે જુનાગઢ ખાતે યોજાયેલી લીલી પરિક્રમા માં રાજ્ય તથા રાજ્ય બહારથી મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. ગિરનારની તળેટીમાં યોજાયેલ આ પરિક્રમામાં જીલ્લામાંથી 27 હજાર જેટલા લોકો જોડાયા હતા.

આ પ્રસંગે જીલ્લાના એસટી વિભાગ દ્વારા ગિરનાર જવા-આવવા માટે ચાર દિવસ સુધી ચાલેલી પરિક્રમા દરમિયાન કુલ 38 ટ્રીપો કરવામાં આવી હતી જેના પગલે 27 હજાર જેટલા મુસાફરોએ લીલી પરિક્રમાનો લાભ લીધો હતો.

- (પરેશ મારૂ)

---